**<u>સી.સી.નં.૯૦૮/૧૯૯૫</u>**

## <u>આંક-૧ તળે હુકમ</u>

સદર કેસમાં આરોપી સામે ઇ.પી.કો.કલમ ૪૦૬,૪૨૦ મુજબનો આક્ષેપ છે અને આ કામમાં આરોપી મળી આવતા નથી તેવુ રેકર્ડ પરથી જણાય છે. આ કેસ સને ૧૯૯૫ નો કેસ છે.

આજ રોજ લોકઅદાલતમાં ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી હાજર છે અને આરોપી ભવિષ્યમાં મળી આવે તો ફરીયાદપક્ષ પોતાનો કેસ ફરી ચલાવી શકશે તેવી રીતે કેસ વિડ્રો કરવા આંક- થી પરવાનગી માંગેલ છે અને જો ભવિષ્યમાં આરોપી મળી આવે તો પ્રોસીક્યુશન સીઆર.પી.સી.ની જોગવાઇ મુજબ યોગ્ય કાર્યવાહી કરી શકશે તેવી સ્પષ્ટતા સાથે ફરીયાદપક્ષને કેસ પરત ખીંચવા પરવાનગી આપેલ છે.

સદર કેસમાં ફરીયાદપક્ષને ઉપરોક્ત મુજબ કેસ પરત ખીંચવા પરવાનગી આપ્યા બાદ ફરીયાદપક્ષે આ કેસ વિડ્રો કરવા પુરસીસ આપેલ છે જે આંક- થી રેકર્ડે લીધેલ છે અને સદર કામમાં રેકર્ડ જોતા આરોપી સામે તહોમતનામુ ફરમાવેલ નથી જેથી સીઆર.પી.સી.કલમ ૩૨૧ ની જોગવાઇ ધ્યાને લઇ આરોપીને બીનતહોમત છોડી મુકવાનો હુકમ ફરમાવુ છુ.

આ કામે મુદ્દામાલ અપીલ સમય વિત્યે સરકારશ્રી ખાતે જમાં કરાવવાનો હુકમ ફરમાવુ છુ.

તારીખ-૨૬/૦૬/૨૦૨૨ (એ.એ.વાયડા)
મુકામ- સુરત ૮ મા એ.સી.જે.એમ.સુરત
કોડ નં.જીજે ૦૦૯૮૬